# Mark Scheme (Results)

## Summer 2022

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0/1H)
Paper 1: Listening (Higher Tier)

# GCSE June 2022 Gujarati Higher tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

### SECTION A

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(a)** | તાલીમ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(b)** | સરળ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(c)** | ફિકર | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(d)** | દુર્ઘટના | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(e)** | અંતર | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(a)** | રોજગારી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(b)** | રોજગારી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(c)** | ગોઠવણી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(d)** | પ્રગતિ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(e)** | સમજણ | **(1)** |

**SECTION B**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(i)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iv)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4** | A E G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(iii)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(a)** | It is impossible to know all directions | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | Dependency on sunlight | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(c)** | It is familiar<br>**OR**<br>It is reliable | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(d)** | Directions can be found instantly<br>**AND**<br>Directions of places around the world can be found | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(a)** | By working whilst travelling<br>(Both work and travel required) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(b)** | She will live independently<br>**OR**<br>She will learn new languages<br>**AND**<br>She will save money for her university education | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(c)** | Because she believes Poonam may lose interest in studies | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(d)** | She (Kavita) will study whilst working<br>(Both study and work required) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(i)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(ii)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(iii)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(i)** | Having a meal in open spaces with people | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(ii)** | His uncle's family / uncle<br>**AND**<br>Neighbours (two families) | **(2)** |

| Question number | Answer | Reject | Mark |
|---|---|---|---|
| **9(a)(iii)** | Accept any **two** answers<br>He saw green farms<br>**OR**<br>He saw mountains<br>**OR**<br>He saw unusual trees<br>**OR**<br>He saw calm lakes | River / Sea | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(i)** | Accept any **one** answer<br>Adults were chit-chatting<br>**OR**<br>Youngsters were having fun | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(ii)** | Sitting in a circle<br>(Any answer that indicates easier interaction) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iii)** | The taste of the food items was amazing | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iv)** | They could play on the riverbank<br>**AND**<br>They could swim in the river<br>(Both play and swim required) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|

| | | |
|---|---|---|
| **10(i)** | B, D | **(2)** |

| **Question number** | **Answer** | **Mark** |
|---|---|---|
| **10(ii)** | A, E | **(2)** |

# Transcript

Summer 2022

Pearson Edexcel GCSE

In Gujarati (1GU0) Paper 1H

**SECTION A**

## ઑનલાઇન અભ્યાસ

**પ્રશ્ન ૧**

ઉદાહરણ:

**F2:** આપણાં જીવનની સફળતામાં શિક્ષણ મોટો ભાગ ભજવે છે.

**પ્રશ્ન ૧**

**F2:** છેલ્લાં કેટલાંક વર્ષોથી વિશ્વવિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ કરવા કરતાં ઇન્ટરનેટના ઉપયોગથી પદવી મેળવવાનું વધુ લોકપ્રિય બન્યું છે. વિદ્યાર્થીઓ કોઈપણ સમયે આરામથી પોતાની ગતિએ અભ્યાસ કરી શકે છે. ક્ષણભરમાં માહિતી અને દિવસમાં ચોવીસે કલાક શિક્ષકનું માર્ગદર્શન મેળવી શકે છે.

ફી ભરવાની કે મુસાફરી કરવાની ચિંતા નહિ! જોખમકારક સમસ્યાઓને કારણે જો શૈક્ષણિક સ્થાનો બંધ કરવા પડે તો પણ ઑનલાઇન શિક્ષણ અટકતું નથી. *ગુગલ*-વર્ગ જેવી સુવિધાઓથી વિશ્વભરના સાથીદારો સાથે ગપ્પાં મારતાં મારતાં ભણી શકાય.

## મારું ભવિષ્યનું સપનું

**પ્રશ્ન ૨**

ઉદાહરણ:

**M1:** વિદ્યાર્થીઓ પરંપરાગત વર્ગખંડમાં જ ભણીને પ્રગતિ કરી શકે એ વાતથી હું સહમત નથી.

**પ્રશ્ન ૨**

**M1:** વિશ્વવિદ્યાલયમાં ભાષાશાસ્ત્રનો અભ્યાસ પૂરો કરીને હું કોઈ કંપની માટે કામ કરવા માંગતો નથી. ગુજરાતમાં *પ્યારી ભાષા* નામની ખુલ્લી નિશાળ સ્થાપવા માગું છું. પ્રાકૃતિક વાતાવરણમાં અનેક ભાષા બોલનાર શિક્ષકો, બાળકોની વિચારશક્તિ વિકસાવવામાં મદદ કરશે.

તાજી હવા અને આનંદમય વાતાવરણમાં વિવિધ ભાષામાં શબ્દોની અને વિચારોની આપલે કરવાથી બાળકોની કાલ્પનિક શક્તિ ખીલી શકે છે. તેઓ ઝાડપાન વિશે પણ જાણકારી પ્રાપ્ત કરી શકે છે. બોલવાની, સાંભળવાની અને લેખનકાર્યની પ્રવૃત્તિઓ બાળકોને હોશિયાર અને વધુ આત્મવિશ્વાસુ બનાવવા માટેની ચાવી છે. એટલું જ નહિ, માતા-પિતાને પણ ભાષા શીખવાના લાભો વિશે હું માહિતગાર કરવા માંગુ છું, જેથી તેઓ તેમનાં બાળકોને પ્રોત્સાહિત કરી શકે.

**Exotic destinations**

**Question 3**

**Example:**

**M1:** મારે તો પરીક્ષા પછી રજાનો આનંદ લેવા *મજુલી* જવું છે, જે સુંદર હોવાની સાથે ભીડથી દૂર છે.

**Question 3**

**M1:** *બ્રહ્મપુત્ર* નદીની વચ્ચે વસેલો *મજુલી* નામનો દુનિયાનો સૌથી મોટો નદી દ્વીપ, *આસામ*નું એક સાંસ્કૃતિક સ્થળ છે. ત્યાં પહોંચવા માટે પુલ ન હોવાથી હોડી લેવી પડે. અહીંની ખાસ વાત એ છે કે, દરેક રહેવાસી<u>નાં</u> ઘરમાં હોડી જોવા મળે. નદીમાં સહેલ કરતાં કરતાં હાથની બનાવેલી વિવિધ કારીગરીની વસ્તુઓ હોડીઓમાં વેચાતી દેખાય.

**F2:** સૂર્ય, રેતી અને સાગરનાં સૌંદર્યને માણવું હોય, તો જવું જોઈએ *દીવ*. આ સોહામણા સ્થળના ગોળાકાર કિનારે, ઝાડ નીચે બેસી, દરિયાનાં મોજા અને સૂર્યાસ્તનો આનંદ લેવા જેવો છે. *પોર્ટુગીઝ* શાસનના સમયમાં બનાવવામાં આવેલ પ્રાચીન કિલ્લાઓની યાદો, પર્યટકો સાથે લઈ જાય છે.

## An unforgettable experience

**Question 4**

**Example:**

**M1:** હું વિમાનમાં જવાનાં સ્વપ્નાં જોતો હતો. મારી ઇચ્છા પૂરી થઈ જ્યારે, પિતાજી સાથે શિયાળાની રજામાં પહેલી વખત વિમાનમાં સુરતથી *ભુજ* ગયો.

**Question 4**

**M1:** અમે હવાઈમથકે પહોંચ્યા તો વિમાન ત્રણ કલાક મોડું હોવાની સૂચના સાંભળી. પિતાજીએ અધિકારીને દસ્તાવેજો આપ્યા ત્યારે મારો પાસપોર્ટ ન મળે. સદ્દભાગ્યે, મને કામચલાઉ મુસાફરી પત્રક તરત જ મળી જતાં હું સફર કરી શક્યો.

*ભુજ* પહોંચ્યા તો મારી પેટી ગાયબ! પૂછપરછ કચેરીના અધિકારીએ જણાવ્યું, દિવસની એક જ ઉડાણ હોવાથી પેટી બીજે દિવસે આવશે. નિરાશ થઈને અમે હોટેલ પહોંચ્યા. ઓરડામાં ખાટલા અને કબાટ વચ્ચે ફકત દોઢ ફૂટનું અંતર હતું અને બાજુમાં લિફ્ટના ઘોંઘાટથી ઊંઘ પણ ન આવી. બીજે દિવસે, ફરિયાદ કરવાથી આરામદાયક ઓરડો તો મળ્યો પણ આ કડવો અનુભવ કદી નહિ ભૂલાય.

## Boarding School

**Question 5**

**Example:**

**F2:** છાત્રાલય, એ રહેણાક શાળા હોય છે. વિદ્યાર્થીઓ શાળાનાં વર્ષ દરમ્યાન અહીં રહીને અભ્યાસ કરે છે.

**Question 5**

**F2:** પશ્ચિમી દેશોમાં વ્યસ્ત રહેતાં અથવા અલગ અલગ જગ્યાએ કામ કરતાં ઘણાં ગુજરાતી માતા-પિતા, તેમનાં બાળકોને ગુજરાતના છાત્રાલયમાં ભણાવવાનું નક્કી કરે છે. છાત્રો ત્યાંની શ્રેષ્ઠ શૈક્ષણિક પદ્ધત્તિઓ સાથે નિયમપૂર્વકનું જીવન જીવતાં શીખે છે. આનંદી વાતાવરણમાં બંધાયેલાં મોટા ભાગનાં છાત્રાલયો બહુવિધ સુવિધાઓથી સુસજ્જ હોય છે. વિદ્યાર્થીઓ પરિવહનનો ખર્ચ બચાવે છે, અંગત કાર્યોની જવાબદારી લેતા અને પોતાનો સમય સંભાળતા શીખે છે. ઉચ્ચ ધોરણે અભ્યાસ અને પ્રવૃત્તિઓ કરવાથી તેમને પોતાની આવડતો અને વ્યક્તિત્વ ખીલવવાનો લાભ મળે છે. તેમનાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ અગત્યનો છે. તેઓ દુનિયાદારી વિશે પણ શીખે છે. આમ, બાળકોનો સંપૂર્ણપણે વિકાસ થાય છે.

## Finding directions

**Question 6**

**M2:** દિશાસૂચક યંત્ર વગર દિશાઓ જાણવી અશક્ય છે. નકશાલેખન, બાંધકામ, વાહનવ્યહાર તેમજ, અન્ય પ્રવૃત્તિઓમાં દિશાની જાણકારી અગત્યની છે. હજારો વર્ષો પહેલાં, સંશોધકો સૂર્યનો ઉપયોગ કરતા હતા. સૂર્ય પૂર્વમાં ઊગે અને સાંજે પશ્ચિમમાં આથમી જાય. મધ્ય બપોરે તે આકાશમાં બરાબર ઉપર હોય ત્યારે, જમીન પર રાખેલ લાકડીના પડછાયા પરથી ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશાઓ જાણી શકાતી.

ત્યાર પછી વિશ્વનું સૌથી પરિચિત અને વિશ્વાસપાત્ર સાધન, કંપાસ શોધાયું હતું, જે જમીન પર, દરિયામાં અને આકાશમાં દિશાસૂચન માટે વપરાય છે. તેનાં ઉપયોગથી કાગળના નકશાઓ બનાવવામાં આવ્યા. આગગાડીના, બસના તથા રસ્તાના નકશાઓ, નિશાળમાં તેમજ બધી જગ્યાઓની દિશાઓ શોધવા માટે વપરાય છે. આજે *ગુગલ* નકશા જેવી આધુનિક શોધખોળથી, ક્ષણમાં જ વિશ્વભરનાં સ્થળોની દિશાઓ જાણી શકાય છે.

## Job aspirations

**Question 7**

**F2:** કવિતા, પરીક્ષાઓ પૂરી કર્યા પછી હું એક વર્ષની છુટ્ટી લઈને વિશ્વના દેશોની મુલાકાત લેવાની સાથે કામ કરવાનું વિચારું છું. મારા માનવા પ્રમાણે વૈશ્વિક સફરો મનોરંજક હોવાની સાથે કારકિર્દી શોધવાની તક પણ આપે છે. મને સહકાર્યકરો સાથે કામ કરવાની વિવિધ રીતો તેમજ, તેઓના એકબીજા સાથેના વ્યવહાર વિશે જાણવા મળશે. આ સિવાય, જુદી જુદી પરંપરા અને ભાષાઓ શીખવા મળશે. હું કોઈના આધાર વગર રહીને વિશ્વવિદ્યાલયનાં ભણતર માટે પૈસાની બચત કરી શકીશ.

**F1:** પૂનમ, પ્રવાસની સાથે નોકરી કરવાથી તારો ભણવામાંથી રસ ઊડી તો નહિ જાય ને? મને ગણિતમાં ખૂબ રસ છે એટલે હું બેન્કમાં જોડાઈશ. આ ક્ષેત્રે, કારકિર્દીમાં આગળ વધવાની તકો ઘણી હોય છે. મને પ્રતિભાશાળી કર્મચારીઓ સાથે રોજગારીની તાલીમ મળશે અને પ્રગતિ કરતાં કરતાં હું ઉચ્ચ પગારવાળી નોકરી તેમજ યોગ્ય પદવી મેળવીશ. જ્યારે હું મારા પગ પર ઊભી રહીશ ત્યારે આખી દુનિયા ફરી, જીવનનો આનંદ લઈશ.

## A cultural event

**Question 8**

**Example:**

**M2:** નમસ્તે! જાનકીબહેન, આપે યુ.કે.માં *રંગીલુ ગુજરાત* નામનાં સૌથી મોટાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું, તેનાં વિશે મને કહેશો?

**Question 8 Part (a)**

**F1:** આ પ્રદર્શનમાં નાનામોટા હજારો મુલાકાતીઓએ ભાગ લીધો હતો. સંગીતમય વાતાવરણમાં જુદાં જુદાં શહેરોનો ઇતિહાસ, ખોરાક, કલા અને પ્રવાસનની જાણકારી સાથે લોકસંગીતના કાર્યક્રમો બધાએ નિહાળ્યા હતા. રસ્તા પર મળતી ગુજરાતની જુદી જુદી વાનગીઓનો સ્વાદ પણ ચાખવા મળ્યો. નાની પેઢીને ગુજરાતનાં સંગીત વિશે માહિતગાર કરવા અનેક વર્ગો અને આકર્ષણોથી ભરપૂર, આ એક અદ્ભુત આયોજન હતું. વિશેષ પ્રકારની પ્રવૃત્તિઓ જેમ કે, પાઘડી બાંધવી, પતંગ ઉડાડવી, રાસ-ગરબા અને શેતરંજ જેવી પારંપરિક રમતોમાં સૌએ ઉલ્લાસથી ભાગ લીધો હતો. બાળકોના ચહેરા પર હાસ્ય, ખુશી અને સંતોષની લાગણીઓ દેખાતી હતી.

**Question 8 Part (b)**

**M2:** આ પ્રદર્શનમાં આપનું સૌથી મનપસંદ આકર્ષણ કયું હતું?

**F1:** *રામાયણ* નૃત્યનાટિકાનો ભવ્ય કાર્યક્રમ. રંગમંચ, ચમકીલી બત્તીઓ અને રંગીન ફૂલોની હારમાળાથી શણગારેલો હતો. સંગીતનાં વાજિંત્રો જેવાં કે, વાજાપેટી, ઢોલ અને વાંસળીના સૂર સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. *બૉલીવુડ*ના પ્રખ્યાત કલાકારોનો આશ્ચર્યચકિત કરે તેવો અભિનય ખરેખર, કદર કરવા જેવો હતો. રામાયણનાં મધુર સંગીત ઉપર ઘણાં લોકો આનંદથી નાચતા હતા, તો બીજા શાંતિથી બેસીને તેની મજા માણતા હતા. મને ખૂબ ગર્વ છે કે, આવા સંગીતમય સાંસ્કૃતિક મેળાવડાથી લોકો ભવિષ્યમાં એકબીજાની નજીક આવશે.

## A family picnic

**Question 9**

**Question 9 Part (a)**

**M1:** મોટાં શહેરમાં વસવાટ કરવાથી ખુલ્લી જગ્યાઓમાં હળીમળીને ભોજન કરવાની તકો બહુ ઓછી મળે. અમે ભારતમાં હતાં ત્યારે, સાથે મળીને પ્રવાસો, સંગીતના કાર્યક્રમો, રમત-ગમત, મેળાવડાઓ અને ઉજવણીઓનો આનંદ લેતાં. પહેલાં કેવા ખુશીથી બધાં ભેગાં થતાં! ગયા વર્ષે, ગુજરાતનાં એક નાનાં ગામડામાં રહેતા મામાના ઘરે ગયા હતા. રવિવાર હોવાથી સહુએ આડોશપાડોશનાં બે કુટુંબો સાથે નદી કિનારે ઉજાણી કરવા જવાનું નક્કી કર્યું. અમે એક ખુલ્લા ખટારામાં નીકળી પડ્યા અને પર્વતોની ચારેતરફ લીલાછમ ખેતરો, શાંત સરોવર અને અનોખાં ઝાડ જોઈને દિલ ખરેખર ખુશ થઈ ગયું.

**Question 9 Part (b)**

**M1:** ત્રણ કલાકની મુસાફરીમાં વડીલો વાતચીત કરતાં હતાં અને યુવાનો મસ્તી-મજા. ભોજનના સમય પહેલાં અમે પહોંચ્યાં. ગ્રામ્ય વિસ્તારનું સૌંદર્ય જોતાં જોતાં, ઘાસ ઉપર સૌ ગોળાકારમાં બેઠાં. પોતપોતાનાં ઘરેથી લાવેલી જુદી જુદી વાનગીઓ તથા તાજી છાશ વહેંચીને સૌ પેટ ભરીને જમ્યાં. મોઢામાં પાણી આવે તેવી વાનગીઓની રીતો જાણવામાં બહેનો વ્યસ્ત થઈ ગઈ. અમે કિનારા પર રમ્યાં અને નદીમાં તરવાની ખૂબ મજા માણી. પાછાં ફરતા ભેગાં મળીને ગીતો ગાયાં અને બીજા પર્યટન વિશે વિચારવા લાગ્યાં. સૌનાં મેળાપમાંથી જ આનંદ જન્મે!

## The Indian flute

**Question 10**

**Example**:

**F1:** હું ત્રણ વર્ષથી મારા સંગીતના વર્ગમાં વાંસળી વગાડતાં શીખું છું. તેને બંસરી અને પાવો પણ કહેવામાં આવે છે.

**Question 10 Part (i)**

**F1:** વાંસળી વાંસમાંથી બનાવવામાં આવતું ભારતીય વાદ્ય છે. હવાથી વાગતાં વાજિંત્રોમાં તે મુખ્ય છે. વાંસની લગભગ એક ફૂટ લાંબી લાકડીમાં, છ થી સાત છિદ્રો હોય છે. ઉપરનાં છિદ્ર આગળ હોઠ રાખી, ફૂંક મારવાથી સુરીલો અવાજ નીકળે છે. જ્યાં સુધી સૂર નીકળતા રહે, ત્યાં સુધી શ્વાસનળીને કસરત મળે છે અને થાક પણ ઊતરી જાય છે તેથી, તે એક ઔષધનું કામ કરે છે. સ્વસ્થ રહેવા માટે દિવસમાં એક વખત મોરલી વગાડવી જોઈએ. તેનાં સૂર સાંભળનારનું મન ચોરી લે છે.

**Question 10 Part (ii)**

**F1:** શ્રીકૃષ્ણને મોરલી ખૂબ પ્રિય હતી. તેઓ એ વગાડતા અને ગોપીઓ તેમની ચારેકોર આનંદથી દાંડિયા રમતી એવો લોકકથાઓમાં ઉલ્લેખ છે. વાંસનો છોડ લાભકારી ગણાય છે. લોકમાન્યતા મુજબ, તેને ઘરમાં તથા દુકાનમાં રાખવાથી લોકોની બધી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે તેથી, બંસરી પ્રગતિનું સૂચક છે.

ભારતીય શાસ્ત્રીય સંગીત અને નૃત્યકળામાં આ વાદ્ય ખૂબ અગત્યનું છે. આ વાજિંત્રમાંથી અનુભવી વાદક સિવાય, અનેક લોકો સૂર કાઢવામાં મુશ્કેલી અનુભવે છે. મારી ઇચ્છા છે કે, ભવિષ્યમાં હું અમદાવાદના *સપ્તક* સંગીત ઉત્સવમાં વિશ્વવિખ્યાત સંગીતકારો સાથે વાંસળી વગાડું.